ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### વિરોધી જૂથના કાર્યકરોને પ્રાધાન્ય મળવાની ચર્ચાએ અસંતોષ વધ્યો

## પાદરા નગરપાલિકા ચૂંટણી પહેલા ભાજપમાં આંતરિક જૂથબંધી તેજ

**ટિકિટ** ફાળવણીને લઈને વફાદાર કાર્યકરોમાં નારાજગી, નવા રાજકીય સમીકરણો ગરમાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.6
પાદરા નગરપાલિકાની ચૂંટણી જાહેર થતાં ભાજપમાં ટિકિટ ફાળવણીને લઈને અંદરખાને રાજકીય હલચલ તેજ બની છે. ગત વિધાનસભા ચૂંટણી દરમિયાન ધારાસભ્ય સાથે કાર્ય કરનાર ઘણા જૂના અને વફાદાર કાર્યકરો હાલ દૂર થઈ ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ, તે સમયે વિરોધી જૂથમાં રહેલા કેટલાક કાર્યકરો હવે ધારાસભ્યના નજીક આવી ગયા હોવાનું સામે આવતા પાર્ટીમાં અસંતોષનો માહોલ સર્જાયો છે. ચર્ચા એવી પણ છે કે આવા કાર્યકરોને આ વખતે 50 ટકા થી વધુ ટિકિટ ફાળવવાની સંભાવના છે, જેને લઈને વર્ષોથી પાર્ટી માટે કાર્યરત કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિક સામે ‘આયાતી ઉમેદવારો’ મુદ્દે કાર્યકરોમાં ચર્ચા, લોબીંગ શરૂ



પાદરા નગરપાલિકાની કુલ 7 વોર્ડની 28 બેઠકો માટે આશરે 31,164 મતદારો વચ્ચે ચૂંટણી યોજાવાની છે. ટિકિટ મેળવવા માટે વિવિધ જૂથો દ્વારા લોબીંગ શરૂ થઈ ગયું છે અને આગેવાનો પોતાના માનિતાઓને આગળ ધપાવવા સક્રિય બન્યા છે. સ્થાનિક સ્તરે કાર્યકરો અને સંભવિત ઉમેદવારો દ્વારા ‘આયાતી ઉમેદવારો’ને તક ન આપવાની માંગ પણ ઉઠી રહી છે. પ્રદેશ અને જિલ્લા નેતૃત્વે સર્વે અને જીતવાની ક્ષમતાના આધારે ટિકિટ ફાળવવાની વાત કરી હોવા છતાં સ્થાનિક સ્તરે અલગ સમીકરણો રચાઈ રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હવે આગામી દિવસોમાં પાર્ટી આ આંતરિક અસંતોષને કેવી રીતે સંભાળે છે તે પર સૌની નજર ટકેલી છે.

### જાહેરનામું પ્રસિદ્ધ થતા જ વહીવટી તંત્ર એક્શન મોડમાં;

## કરજણ પંચાયતની ચૂંટણીનો જંગ જામ્યો: 24 બેઠકો માટે સંગ્રામ, 1 લાખ મતદારો લખશે નેતાઓનું ભાગ્ય

(પ્રતિનિધિ) વડોદરા, તા.6
ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે કરજણ તાલુકામાં પણ ચૂંટણીનું વિધિવત જાહેરનામું પ્રસિદ્ધ થતાની સાથે જ રાજકીય માહોલ ગરમાયો છે. કરજણ તાલુકા પંચાયતની 20 બેઠકો અને જિલ્લા પંચાયતની 4 બેઠકો માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી 26 તારીખે યોજાનાર મતદાનમાં તાલુકાના અંદાજે 1 લાખથી પણ વધુ મતદારો ઉમેદવારોનું ભાવી નક્કી કરશે.




ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને સરળ બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા બેઠકોનું ભૌગોલિક વિભાજન કરવામાં આવ્યું છે. તાલુકા પંચાયતની કુલ 20 બેઠકો પૈકી 10 બેઠકો માટેની કામગીરી તાલુકા પંચાયત કચેરી ખાતેથી થશે, જેમાં અણસ્તુ, દેથાણ, હાંડોડ, કરમડી, કોલિયાદ, મિયાગામ, સાપા, સાસરોદ અને વલણ-1 તથા 2 જેવી બેઠકોનો સમાવેશ થાય છે. જ્યારે બાકીની 10 બેઠકો જેવી કે ચોરંદા, ધાવડ, કંડારી, કોરાલી, મોટી કોરલ, સામરી, સારીંગ, સાયર, સીમડી અને વેમાર માટેની પ્રક્રિયા મામલતદાર કચેરી ખાતે હાથ ધરવામાં આવશે. જિલ્લા પંચાયતની 4 બેઠકો માટેની જવાબદારી પ્રાંત અધિકારીની કચેરીને સોંપવામાં આવી છે. જાહેરનામું બહાર પડતા જ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના છાવણીઓમાં હલચલ તેજ બની છે.

આ વખતે કરજણમાં ત્રિપાંખિયો જંગ ખેલાય તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. ખાસ કરીને આમ આદમી પાર્ટીએ ભાજપ અને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારો જાહેર થાય તે પહેલા જ પોતાની પ્રથમ યાદી જાહેર કરી સૌને ચોંકાવી દીધા છે. ‘આપ’ દ્વારા વેમાર બેઠક પર રિતેશ પટેલ, હાંદોડ બેઠક પર સુનીતાબેન વસાવા, મોટી કોરલ બેઠક પર મુકેશભાઈ પટેલ અને વલણ-1 બેઠક પર હસન અલી યુસુફને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

## ડભોઈ તાલુકામાં મકાઈના ખેતરમાં આગ, દસ વિઘા પાક બળીને ખાક

(પ્રતિનિધિ) ડભોઈ, તા.6
ડભોઇ તાલુકાના ચાંદોદ નજીક આવેલ નવા માંડવા ગામ પાસે મકાઈના ખેતરમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર નવા માંડવા વિસ્તારમાં આવેલ ખેડૂત માછી ભીખાભાઈ ડાયાભાઈ, માછી અશોકભાઈ મોહનભાઈ, માછી ગોપાલભાઈ ભીખાભાઈ તથા માછી ગણેશભાઈ ઈશ્વરભાઈના ખેતરમાં એકાએક આગ ભભૂકી ઉઠી હતી.

આ આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં અંદાજિત દસ વિઘા જેટલા વિસ્તારમાં વાવેલો મકાઈનો પાક બળી ને સંપૂર્ણપણે નષ્ટ



થઈ ગયો હતો. ખેડૂતોએ ભારે મહેનતે તૈયાર કરેલો પાક બળી ખાખ થઈ જતાં નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ઘટનાની જાણ થતા જ ડભોઇ ફાયર બ્રિગેડને તાત્કાલિક ફોન કરવામાં આવ્યો હતો અને ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. છતાં આગ એટલી વિકરાળ હતી કે ખેતર બળી ને ખાખ થઈ ગયું હતું.

ખેડૂતોના જણાવ્યા મુજબ પ્રાથમિક અનુમાન પ્રમાણે નજીકથી પસાર થતી વીજ લાઇનમાં થયેલા શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાને લઈને ખેડૂતોમાં ચિંતા વ્યાપી ગઈ છે અને નુકસાનની યોગ્ય વળતર માટે સરકાર પાસે માંગ ઉઠી રહી છે.

## શિનોર પોલીસ સ્ટેશને કામ ચલાવ પોલીસ ઈન્સ્પેક્ટરની નિમણૂંક

(પ્રતિનિધિ) શિનોર, તા.6
શિનોર પોલીસ સ્ટેશને અગાઉ પ્રથમ વાર બી.એન. ગોહિલ ની પી.આઇ. તરીકે નિમણૂક થઈ હતી, તેઓની બદલી કરાયા બાદ ગત ફેબ્રુઆરીથી ચાંદોદ ના પી.આઇ. ડી.આર.ભાદરકાને શિનોર પી.આઈ નો ચાર્જ સોંપવામાં આવ્યો હતો, વડોદરા જિલ્લા અધિક્ષક સુશીલ અગ્રવાલ દ્વારા તારીખ 4 એપ્રિલ 2026 ના રોજ ઓર્ડર કરીને લીવ રિઝર્વ માંથી બિન હથિયાર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે તદ્દન હંગામી અને કામ ચલાવ ધોરણે શિનોર તાલુકામાં આર.આર. વસાવાની પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે નિમણૂક કરાયેલ છે. જેઓએ આજરોજ તારીખ 5 એપ્રિલ 2026 ના રોજ ચાર્જ સંભાળી લીધેલ છે.



નવા મુકાએલા પી.આઇ. શિનોર તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ નથી, ચૂંટણીનો માહોલ છે, અને સાધલી, શિનોર, સેગવા પોલીસ સબ ઈન્સ્પેક્ટર ની જગ્યા ખાલી છે, એકમાત્ર પ્રોબેશન પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે એચ.બી. મકવાણા હાલ ચાલુ છે. ચૂંટણીના સમયે આ ખાલી જગ્યા પણ તાત્કાલિક ભરાય એવી માંગ છે.

### છોટાઉદેપુર જિલ્લા પંચાયત ની 32 બેઠકો માં નસવાડી તાલુકાની 5 બેઠકો આવે છે

## તાલુકા પંચાયતની 22 બેઠકો અને જિલ્લા પંચાયતની 5 બેઠક માટે એક પણ ફોર્મ ના ભરાયું

**અધિકારીઓ** ઉમેદવારો ની રાહ જોઈને નવરા ધૂપ બેસી રહ્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.6
છોટાઉદેપુર જિલ્લા પંચાયત ની 32 બેઠકો માં નસવાડી તાલુકાની 5 બેઠકો આવે છે જેમાં નસવાડી, વઘાચ, કુકરદા, બરોલી,નવગામ આ પાંચ બેઠકો માટે જિલ્લા પંચાયત ની ચૂંટણીના ઉમેદવારી પત્ર ન ફોર્મ સ્વીકારવા માટે છોટાઉદેપુર જિલ્લાના ખેતીવાડી અધિકારી ની નિમણૂક કરવામાં આવી છે જ્યારે નસવાડી તાલુકા પંચાયત




ની 22 બેઠકો માટે નસવાડી તાલુકા વિકાસ અધિકારી ને 9 બેઠકો આપવામાં આવી છે તેઓ નવ બેઠકો ના ઉમેદવારો ના ઉમેદવારી પત્ર ના ફોર્મ સ્વીકારશે જ્યારે નસવાડી તાલુકાના મામલતદાર ને તાલુકા પંચાયત ની 13 બેઠકો માટે કામગીરી સોંપવામાં આવેલી છે જ્યારે તારીખ ૬/૪/૨૦૨૬ સોમવાર ના રોજ થી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ના ફોર્મ ભરવાની શરૂઆત થઈ છે પરંતુ પ્રથમ દિવસે એક પણ ફોર્મ ભરાયું ના હતું અધિકારી ના જણાવ્યા મુજબ સવાર માં નિયત સમય થી તાલુકા પંચાયત કચેરી અને મામલતદાર કચેરી માં ઉમેદવારી ફોર્મ સ્વીકારવા માટે અધિકારીઓ બેઠા હતા પરંતુ એક પણ ફોર્મ ના ભરાતા અધિકારીઓ નવરા ધૂપ બેસી રહ્યા હતા જ્યારે ભાજપ અને કોંગ્રેસે હજુ સુધી ઉમેદવારો જાહેર કર્યા નથી.

## મહિલાઓ માટે વિવિધ પાકોના મુલ્યવર્ધનની તાલીમ મેળવવા ઓનલાઈન અરજી શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6
સરકારના બાગાયત વિભાગ દ્વારા મહિલાઓને આર્થિક રીતે સધ્ધર બનાવવા અને રોજગારીની નવી તકો પુરી પાડવા માટે “ફળ અને શાકભાજીના પરિરક્ષણ તાલીમ યોજના” અમલમાં મુકવામાં આવી છે. વડોદરા જિલ્લાની મહિલાઓ ફળ અને શાકભાજીમાંથી અથાણા, મુરબ્બા, જ્યુશ, જામ અને કેચઅપ જેવી વસ્તુઓ બનાવવાની વૈજ્ઞાનિક તાલીમ મેળવી શકશે. આ માટે સરકારશ્રીના આઇ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in) ઉપર તા.૨૬/૦૪/૨૦૨૬ સુધી “મહિલા તાલીમાર્થીઓને વૃતિકા(સ્ટાઈપેન્ડ)” યોજના હેઠળ ઓનલાઈન અરજી કરી શકશે. આ તાલીમ કાર્યક્રમમાં મહિલાઓને ૨ અથવા ૫ દિવસ એમ બે પ્રકારની તાલીમ આપવામાં આવશે.

તાલીમ દરમિયાન મહિલાઓને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે સરકારશ્રી દ્વારા પ્રતિ દિવસ રૂ.૨૫૦ સ્ટાઈપેન્ડ પુરૂ પાડવામાં આવશે. આ તાલીમનો લાભ ૧૮ થી ૬૦ વર્ષની ઉંમરની મહિલાઓ લઇ શકશે. આ તાલીમ મેળવ્યા બાદ મહિલાઓ ફળ અને શાકભાજીના બગાડને અટકાવી તેમાંથી મુલ્યવર્ધિત ચીજ વસ્તુઓ બનાવીને પોતાનો વ્યવસાય શરૂ કરી શકશે. વધુ માહિતી માટે નાયબ /મદદનીશ બાગાયત નિયામકશ્રીની કચેરી, કોઠી કચેરી કંમ્પાઉન્ડ, રાવપુરા, વડોદરા ૩૯૦૦૧૯ (ફોન નં.૦૨૬૫-૨૪૨૯૧૫૪) સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામકશ્રી વડોદરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### બે વર્ષથી કુપ્પા પાણીપુરવઠા યોજનામાં પાણીની ટાંકીની કામગીરી અધૂરી છે

## નસવાડી તાલુકાના રણબોર ગામના લોકો પાણીની સમસ્યાને લઈને તંત્રને જગાડવા ઢોલનગારા વગાડ્યા

**વિકાસની** ગુલબાંગો વચ્ચે પાણીની સમસ્યાથી લોકો હેરાન પરેશાન

(પ્રતિનિધિ) નસવાડી, તા.6
નસવાડી તાલુકાનું છેવાડા નું ગામ રણબોર આવેલું છે ગામમાં 600 જેટલા લોકો ની વસ્તી ગામમાં આવેલી છે અલગ અલગ ફળિયા ઓ આવેલા છે ગ્રામ પંચાયત દ્વારા પાણી ના બોર 50 જેટલા કરવામાં આવ્યા છે પરંતુ તેમાં ઉનાળો આવતા ની સાથેજ જળસ્તર નીચા જતા રહેતા રણબોર ગામના લોકો પાણી ની સમસ્યા થી પીડાઈ રહ્યા છે કુપ્પા પાણીપુરવઠા યોજના માં ફિલ્ટર



વાળું પાણી મળે તે માટે ગામમાં પાણી ની ટાંકી બનાવવામાં આવી પરંતુ બે વર્ષ થી આ ટાંકી ની કામગીરી અધૂરી છે ગામમાં ઘરે ઘરે પાણી પહોંચે તે માટે પાઈપલાઈન અને નળ બેસાડવામાં આવ્યા છે જ્યારે નજીક ના બે કિલોમીટર વિસ્તાર માં 7 લાખ લિટર પાણી નો સંપ આવેલો છે તેમાંથી પાણી પહોંચાડવાનું હતું પરંતુ પાણી પુરવઠા વિભાગ ના અધિકારીઓ ને પ્રજા ની કાંઈ પડી ના હોય તે રીતના પ્રજાને ફિલ્ટર વાળું શુદ્ધ પાણી પહોચાડવામાં નિષ્ફળ રહ્યા છે બીજી તરફ કાગળ ઉપર પાણી પહોંચી ગયું છે તેવું દર્શાવતા ગ્રામજનો તંત્ર ને જગાડવા માટે પાણી ની ટાંકી પાસે ઢોલનગારા લઈને ઢોલ વગાડ્યા હતા અને તંત્ર ના બહેરા કાને પાણી પુરવઠા ના અધિકારીઓ ને ઢોલ નો અવાજ પહોંચે તે માટે અનોખો વિરોધ કર્યો છે બીજી સરકાર દ્વારા આદિવાસી વિસ્તાર ના છેવાડા ના માનવી સુધી પાણી પહોંચ્યું હોવાના દાવા કરવામાં આવે છે ત્યારે આદિવાસી સમાજ ના લોકો ને પીવાનું પાણી પણ મળતું નથી તેનો આ વરવો નમૂનો છે.

## ચૂંટણીના સમયે ડભોઈ સેવાસદનનુ જનસેવા ઠપ્પ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.6
ડભોઈમા હાલ ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે સાથે સાથે નાંણાકીય વર્ષ પણ બદલાયું છે જેમાં આવકના દાખલા, રેશનકાર્ડ, તેમજ જાતિ ના દાખલા ની કામગીરી ઠપ્પ થઈ ગઇ છે. સરકારી કામગીરી લોકો ધક્કા ખાઇ રહ્યા છે ડભોઇ સેવા સદનનુ જન સેવા કેન્દ્ર એ સેવા સદનનો આત્મા હોય એમ જન સેવાની કામગીરી બંધ થતાં સેવા સદનની કામગીરી ઠપ્પ થઈ છે ડભોઈ સેવા સદનના જનસેવાના કરાર આધારિત કર્મચારીઓના પગારને લઈ ગત માર્ચ માસમાં મામલતદાર ને અરજી આપેલ પણ સમયમા કોઈ નિકાલ ન થતાં સેવા સદનના જનસેવાના કર્મચારીઓ હડતાળ નુ શસ્ત્ર ઉગામતા શહેર તાલુકાના લોકો મુશ્કેલી મા મુકાયા છે મામલતદારે એજન્સી પાસે આ કર્મચારીઓના પગાર તાત્કાલિક કરી સમસ્યાનુ સમાધાન કરવાની માંગ ઉઠવા પામી છે.

## ડભોઈ આમ આદમી પાર્ટીના પાયાના કાર્યકરના રાજીનામા પગલે પ્રથમ ગ્રાસે મક્ષીકા

ડભોઈ : ડભોઇ આમ આદમી ના પાયા ના કાર્યકરો ના રાજીનામા ને પગલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ખળભળાટ મચી જવા પામ્યો છે. જાણવા મળ્યાં મુજબ આમ આદમી ના પાયા ના કાર્યકર અને ડભોઈ વિધાનસભા ના ઈન્ચાર્જ રમણીકલાલ મકવાણા દિલ્હી ની સેન્ટ્રલ ટીમ દ્વારા વ્હાલા દવલા ની નિતિ ને કારણે આમ આદમી પાર્ટી માથી રાજીનામું પોતાના સેકડો કાર્યકરો સાથે રાજીનામું આપી દીધું છે વધુ મા જણાવ્યા મુજબ પ્રદેશ પ્રમુખ અને ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા ને સેન્ટ્રલ ટીમ ની ફરિયાદ કરવા ફોન કરેલ પરંતુ બંને મહાનુભાવો ફોન નો જવાબ ન આપતા નારાજગી ને લઇ રાજીનામું મેઈલ થી મોકલી આપેલ છે હાલ કયા પક્ષ તરફ જશે એ માટે સમય આવ્યે નિર્ણય કરનાર હોવાનું જાણવા મળ્યું છે.

### ઉમેદવારી પત્રોના પ્રથમ જ દિવસે મોટા પ્રમાણમાં ફોર્મ ઉપડતાં રાજકીય રસાકસીના એંધાણ

## પાદરા નગરપાલિકા અને તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણીનો માહોલ ગરમાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.6
પાદરા નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની આગામી ચૂંટણીને લઈને પાદરા ખાતે રાજકીય માહોલ ધીમે ધીમે ગરમાઈ રહ્યો છે. ચૂંટણી પ્રક્રિયાના પ્રારંભિક તબક્કા તરીકે ઉમેદવારી પત્રો ઉપાડવાની કામગીરી શરૂ થતાં જ પ્રથમ દિવસે જ નોંધપાત્ર સંખ્યામાં ઉમેદવારી પત્રો ઉપડ્યા હતા, જેને પગલે આવનારી ચૂંટણીમાં ભારે રાજકીય જંગ જામવાની શક્યતા વધુ મજબૂત બની છે.

પાદરા નગરપાલિકાની વાત કરીએ તો આ વખતે કુલ 28 બેઠકો માટે ચૂંટણી યોજાનાર છે. નગરપાલિકાની ચૂંટણીને લઈને વિવિધ રાજકીય પક્ષો, સ્થાનિક જૂથો અને સંભવિત અપક્ષ ઉમેદવારોમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે. ઉમેદવારી પત્ર ભરવાના પ્રથમ દિવસે પાદરા મામલતદાર કચેરી ખાતે નગરપાલિકાના કુલ 1 થી 7 વોર્ડમાં મળી 115 ઉમેદવારી પત્રોનો ઉપાડ થયો હતો. પ્રથમ જ દિવસે આટલી મોટી સંખ્યામાં ફોર્મ ઉપડતાં સ્પષ્ટ થયું છે કે ચૂંટણીમાં વિવિધ વોર્ડોમાં કડક સ્પર્ધા જોવા મળી શકે છે.

જોકે પ્રથમ દિવસે મોટી સંખ્યામાં ઉમેદવારી પત્રો ઉપાડવામાં આવ્યા હોવા છતાં એક પણ ઉમેદવારી પત્ર ભરાયો નહોતો. તેમ છતાં, ઉમેદવારી પત્રોના આ પ્રારંભિક ઉપાડને રાજકીય વર્તુળોમાં ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. સ્થાનિક રાજકીય સમીકરણો, પક્ષોની આંતરિક ગોઠવણો અને ટિકિટ વિતરણને લઈને ચાલતી ચર્ચાઓને જોતા આગામી દિવસોમાં ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા વધુ તેજ બનવાની શક્યતા છે.

નગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે દરેક વોર્ડમાં બહુી ટક્કર સર્જાય તેવી શક્યતાઓ ચર્ચાઈ રહી છે. ખાસ કરીને પક્ષીય ઉમેદવારો ઉપરાંત અસંતુષ્ટ કાર્યકરો, અપક્ષ ઉમેદવારો અને સ્થાનિક સ્તરે પ્રભાવ ધરાવતા ચહેરાઓ પણ મેદાનમાં ઉતરે તો ચૂંટણી વધુ રસપ્રદ બની શકે છે. પ્રથમ દિવસે જ અંદાજે 15 જેટલા ઉમેદવારી પત્રોના ઉપાડ થવા પાછળ રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ચૂંટણીમાં માત્ર ઔપચારિકતા નહીં, પરંતુ ખરેખર જોરદાર મુકાબલો જોવા મળી શકે.

બીજી તરફ, પાદરા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી પણ આગામી 26 એપ્રિલે યોજાનાર હોવાથી તાલુકા કક્ષાએ પણ રાજકીય ગતિવિધિઓ સક્રિય બની ગઈ છે. પાદરા તાલુકામાં જિલ્લા પંચાયતની કુલ 6 બેઠકો માટે ઉમેદવારી પ્રક્રિયા શરૂ થતાં પ્રથમ દિવસે જ 21 ઉમેદવારી પત્રોનો ઉપાડ થયો હતો. આ આંકડો દર્શાવે છે કે જિલ્લા પંચાયતની બેઠકો માટે પણ સંભાવિત ઉમેદવારોમાં રસ નોંધપાત્ર પ્રમાણમાં જોવા મળી રહ્યો છે.

તે જ રીતે તાલુકા પંચાયતની કુલ 26 બેઠકો માટે પ્રથમ દિવસે 40 ઉમેદવારી પત્રોનો ઉપાડ થયો હતો. તાલુકા પંચાયત સ્તરે પણ વિવિધ રાજકીય પક્ષો ઉપરાંત સ્થાનિક નેતાઓ અને પ્રભાવશાળી જૂથો ચૂંટણી મેદાનમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા સક્રિય બન્યા છે. હાલ પ્રથમ દિવસે કોઈ ઉમેદવારી પત્ર ભરાયો નથી, છતાં ઉમેદવારી પત્રોના મોટા ઉપાડને જોતા પાદરાની આવનારી ચૂંટણીમાં જોરદાર રાજકીય જંગ, ભારે સ્પર્ધા અને રસપ્રદ મુકાબલાની પૂરી શક્યતા દેખાઈ રહી છે.

### સમીકરણો ચૂંટણીને વધુ રસાકસીભરી બનાવી શકે ?

ચૂંટણીના પ્રારંભિક તબક્કામાં ઉમેદવારી પત્રોના ઉપાડના આ આંકડા એ વાતનો સંકેત આપે છે કે પાદરા શહેર તેમજ તાલુકામાં રાજકીય લડત સામાન્ય નહીં રહે. પક્ષોની સત્તાવાર ઉમેદવારી જાહેર થયા બાદ અસંતુષ્ટોનો વલણ, અપક્ષોની એન્ટ્રી, જૂથબાજી અને સ્થાનિક સામાજિક સમીકરણો ચૂંટણીને વધુ રસાકસીભરી બનાવી શકે છે. ખાસ કરીને નગરપાલિકાની 28 બેઠકો, તાલુકા પંચાયતની 26 બેઠકો અને જિલ્લા પંચાયતની 6 બેઠકો માટે આવનારા દિવસોમાં રાજકીય ચિત્ર વધુ સ્પષ્ટ બનશે.

## ભીમનાથ મહાદેવ વિસ્તારમાં ગટરો ઉભરાવવાના અને નગરમાં ગંદકીના કારણે સ્થાનિક પ્રજા ત્રાહિમામ

(પ્રતિનિધિ) સાવલી, તા.6
સાવલી પાલિકા અને વિવાદો ને ભારે લેતીદેતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે સરકાર તરફ થી લાખો અને કરોડો ની ગ્રાન્ટ વિકાસ માટે ફાળવણી કરવામાં આવે છે પરંતુ સાવલી નગર હજુ પણ વિકાસ ની ઝંખી રહ્યું છે પાલિકા વિસ્તાર માં વિવિધ પ્રકારની સમસ્યા ઓ અને ભ્રષ્ટાચાર ની બુમો તેમજ વિવિધ આક્ષેપો નગરજનો અને વિરોધપક્ષ દ્વારા કરવામાં આવી રહ્યા છે નગર ના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો મહિલા ઓ નો પાલિકામાં પાણી મુદ્દે હલ્લાબોલ બરોડા ભાગોળ વિસ્તારમાં ગંદકી થી થાકીને કોર્પોરેટર નો ગંદકીમાં બેસીને આંદોલન કરવાની ચીમકી ઓછા પ્રેશર થી પાણી નગરમાં સફાઈ નો અભાવ નગર ના આંતરિક રસ્તાઓ ની ભારે બિસ્માર હાલત બી પી એલ યાદી નો અભાવ માહિતી અધિકાર મુજબ આર ટી આઈ નો જવાબ આપવામાં પાલિકાના ઠાગા થૈયા દૂષિત પાણી ઉભરાતી ગટરો જેવા મુખ્ય પ્રશ્નો વારંવાર ઉભા થાય છે તેવામાં ભીમનાથ મહાદેવ મંદિર અને ગંગોત્રી સ્કૂલ પાસે જવાના રોડ ઉપર ઉભરતી ગટરોના કારણે પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે વર્ષો થી ભીમનાથ મહાદેવ મંદિર જવાનો રસ્તો ખરાબ છે.

**જાહેર નોટીસ** **મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, પાદરા તાલકાની કોર્ટ**

જન્મ નોંધણી અરજી નં. 28/૨૦૨૬

અરજદાર :- સરીફાબેન અલીભાઇ પઠાણની પુત્રીતે અકબરભાઇ પઠાણની પત્ની
રહે. એસ.કે. નગબર-૨, પાલેજ તા.જી. ભરૂચ

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી સોખડા રાઘુ ગ્રામ પંચાયત

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઇસમોને આપી જણાવવાનું કે અરજદારના પોતે નામે શરીફાબેન અલીભાઇ પઠાણ નું જન્મ તા. ૦૧-૦૬-૧૯૫૯ના રોજ સોખડા રાઘુ તા. પાદરા જી. વડોદરા મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાતાને કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે અથવા સબંધિત જન્મ મરણ રજીસ્ટરની કચેરી ખાતે કરવાની રહી ગયેલ હોઇ જન્મ નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી. આજ તરીખ તા. ૨૦-03-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સ્થળ : પાદરા
તા. ૨૦-03-૨૦૨૬

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર પાદરા